# ૨૫ સમર્પણ

શ્રીમદ્ ભગવદ્ ગીતા કર્મયોગ, ભક્તિયોગ અને જ્ઞાનયોગનો ત્રિવેણી સંગમ છે. વિશેષતા એ છે કે ત્રિવેણીમાં ગંગા-યમુના-સરસ્વતીના ત્રણેય પ્રવાહો સાથે હોવા છતાં સ્પષ્ટરૂપે અલગ તરી આવે છે પરંતુ અહીં અદ્વૈતભાવથી અન્યોન્ય-આશ્રિત રહી એકબીજા સાથે એવા અનન્ય થયા છે કે ત્રણેય અભિન્ન રીતે સાથે વહે છે. તેમ છતાં 7થી 12 અધ્યાયોમાં વિશેષતઃ ભક્તિયોગને વિગતવાર સમજાવ્યો છે. શ્રીમદ્ ભગવદ્ ગીતામાં નિરૂપિત ભક્તિ વિશેષ છે. કારણ કે અહીં આપણું કર્મ એ જ ભક્તિના રૂપમાં પ્રગટ થાય છે. આ ગ્રંથમાં વર્ણવેલ ભક્તિયોગ કોઈ પણ સ્થાને, કોઈ પણ સમયે માનવમાત્રને ઉપકારક અને માર્ગદર્શક બની રહે છે.

ગીતામાં વર્ણિત ભક્તિયોગ સમજતાં પહેલાં ભક્ત અને ભક્તિ શબ્દોની પરિભાષા સમજવી આવશ્યક છે.

સકલ બ્રહ્માંડના જડ-ચેતનમાં વ્યાપ્ત પરમતત્ત્વની સર્વવ્યાપકતાના સંબંધમાં જે વ્યક્તિ પોતાની વ્યક્તિગત આસક્તિ છોડીને પ્રભુ માટે કાર્ય કરે તે ભક્ત છે. ગરુડપુરાણમાં ભક્તિ સંદર્ભમાં દર્શાવેલ છે કે,

भज इत्येष वै धातुः सेवायां परिकीर्तितः ।

(અર્થાત્ ભક્તિ શબ્દ भज् ક્રિયાપદમાંથી બનેલ છે જેનો અર્થ છે સેવા.) ભક્તિ શબ્દનો જે પૂજા-પાઠ એવો મર્યાદિત અર્થ કરીએ છીએ તેના કરતાં 'સેવા' અર્થ વિશાળ અને મુક્ત છે. આ અર્થમાં સમર્પણભાવથી થયેલી લોકહિતની કોઈ પણ પ્રવૃત્તિને પણ આવરી લેવામાં આવી છે. સમજણપૂર્વકનાં તમામ કાર્યો નિષ્ઠાપૂર્વક, સમર્પણના ભાવથી કરવામાં આવે તો તે ભક્તિની પરિભાષામાં આવી શકે છે. આ વાતને ભગવદ્ગીતા આ રીતે સમજાવે છે.

ये तु सर्वाणि कर्माणि मयि संन्यस्य मत्पराः ।
अनन्येनैव योगेन मां ध्यायन्त उपासते ॥ (गीता 12.6)

(અર્થાત્ મારામાં પરાયણ રહેનારા જે ભક્તજનો, સર્વ કર્મોને મારામાં અર્પણ કરીને, મુજ (સગુણસ્વરૂપ) પરમેશ્વરને જ અનન્ય ભક્તિયોગથી નિરંતર ચિંતન કરતાં ભજે છે.)

આ શ્લોકનું તાત્પર્ય એ જ છે કે આપણે તમામ કાર્યો 'ભગવાન સાક્ષી છે' તે ભાવથી કરવા જોઈએ અને 'આપણું કાર્ય પરમપિતા પરમેશ્વરને સમર્પિત કરવાનું છે' એવો દૃઢ નિશ્ચય રાખી કાર્ય કરીએ એટલે એ કાર્ય સહજ રીતે પવિત્ર ભાવથી જ થશે. જેમકે, રસોડામાં રસોઈ તૈયાર થાય ત્યાંથી સીધી આપણી થાળીમાં આવે તો તે માત્ર ભોજન કહેવાય. પરંતુ પ્રભુને અર્પણ કરવાથી તે પ્રસાદ બની જાય છે. આપણે રોજ રસોઈ કરીએ ત્યારે પ્રભુને અર્પણ કરવાની છે, પ્રભુને માટે જ છે એવી નિષ્ઠાથી તૈયાર કરીશું તો એ રસોઈ સહજ રીતે પવિત્રતાથી અને સદ્ભાવથી પુષ્ટ હશે. આ કર્મમાં શારીરિક પરિશ્રમ સાથે માનસિક સમર્પણનું જોડાણ જ ભક્તિ છે.

કંઈ પણ વસ્તુ અર્પણ કરવાની વાત હોય એટલે તરત જ શ્રીમદ્ ભગવદ્ ગીતાનો આ શ્લોક સ્મરણમાં આવે જ.

पत्रं पुष्पं फलं तोयं यो मे भक्त्या प्रयच्छति ।
तदहं भक्त्युपहृतमश्नामि प्रयतात्मनः ॥ (गीता 9.26)

(અર્થાત્ જે કોઈ ભક્ત મને પ્રેમથી પત્ર, પુષ્પ, ફળ, જળ વગેરે અર્પે છે, એ શુદ્ધબુદ્ધિના નિષ્કામ પ્રેમી ભક્તના પ્રેમપૂર્વક અર્પેલાં એ પત્ર-પુષ્પ આદિ હું સગુણરૂપે પ્રગટ થઈને ઘણા પ્રેમથી આરોગું છું.)

આપણે જ્યારે આ શ્લોક વાંચીએ ત્યારે આપણે એક વાત સમજવી જોઈએ કે પરમાત્મા તો બ્રહ્માંડમાં સૌથી મહાન છે તેને પણ ભાવથી નાની વસ્તુ આપીએ તો તે પણ નોંધ લે છે અને પ્રસન્ન થાય છે. તો આપણા મિત્રોના જન્મ દિવસમાં, લગ્નમાં કે કોઈ અન્ય પ્રસંગમાં કેટલાંક બાળકો નાની ભેટ આપવામાં લઘુતા અનુભવતાં હોય છે. મા-બાપને મોટી અને મોંઘી ભેટ લેવા માટે જીદ કરતાં હોય છે કે બધાં આવું આપે છે તો મારી ભેટ તુચ્છ ગણાશે. ત્યારે આપનાર અને લેનાર જો આ વાતથી જ્ઞાત હશે કે કોઈ પણ ચીજ ચિત્તના પવિત્ર ભાવ સાથે જોડાય છે ત્યારે ઉત્તમ બની જાય છે, અજોડ બની જાય છે. તો તે બંને, એક આપતાં અને બીજો સ્વીકારતાં આનંદ અનુભવશે.

આપણા આદાન-પ્રદાન કાર્યોમાં, દૈનિક વ્યવહારમાં, કર્તવ્યકાર્યોમાં સદ્‌ભાવ હોવો જોઈએ. આ સદ્‌ભાવ તરત જ દૃઢ નથી થતો પરંતુ તેનો અભ્યાસ કરવો પડે છે. પરમાત્મા શ્રીકૃષ્ણ અભ્યાસની અનિવાર્યતા દર્શાવતાં આમ કહે છે.

अथ चित्तं समाधातुं न शक्नोषि मयि स्थिरम् ।
अभ्यासयोगेन ततो मामिच्छाप्तुं धनञ्जय ॥ (गीता 12.9)

(અર્થાત્ જો તું મનને મારામાં અચળ ભાવે સ્થાપવા સમર્થ ન હો, તો હે ધનંજય ! અભ્યાસરૂપ યોગ દ્વારા મને પામવાની ઇચ્છા કર.)

મનને પરમાત્મા સાથે જોડીને કાર્ય કરવું એવી વાત કરી, પરંતુ મન અતિ વેગવાન અશ્વ જેવું છે તેને કાબૂમાં કરવું કઠિન છે પણ અસંભવ નથી. અર્જુન સ્વયં કહે છે કે ''चञ्चलं हि मनः कृष्ण !'' મન ખૂબ ચંચળ છે. જે વિદ્યાર્થીને પક્ષીની આંખ વિના બીજું કંઈ ન દેખાયું એવો એકાગ્ર ચિત્તવાળો છાત્ર કહે કે 'મન ચંચળ છે.' તો એનો ઉપાય આપણે તો સમજવો જ જોઈએ.

એનું સમાધાન અભ્યાસથી થાય છે. અભ્યાસ એટલે (चित्तस्य सर्वतः समाहृत्य पुनः पुनः स्थापनम् अभ्यासः) ચિત્તને વારંવાર એક જ જગ્યાએ જોડીને, એક જ કાર્ય સતત અને સખત પ્રયત્નોથી કરતા રહેવું. આમ એક જ બાબતના સતત અભ્યાસથી એકાગ્રતા વધે છે. આજનો ભણેલ પાઠ એક વારમાં સારી રીતે સમજાઈને તૈયાર ન થાય પરંતુ તેને વારંવાર વાંચવામાં અને સમજવામાં આવે, સમગ્રતાથી તેનો અભ્યાસ થાય, તો તે દૃઢ બને છે અને પરીક્ષામાં તે ધાર્યું પરિણામ આપે છે. આ છે અભ્યાસનું મહત્ત્વ. કોઈ પણ કાર્યસિદ્ધિમાં અભ્યાસ ખૂબ જ જરૂરી છે.

બીજા એક ઉદાહરણથી આ જ વાત વધારે દૃઢ કરીએ, કોઈ એક વૈજ્ઞાનિક કોઈ સંશોધનનું કામ ચાલુ કરે ત્યારે તે એક કાર્ય તરીકે સ્વીકારે છે પરંતુ એની સતત પ્રવૃત્તિ અને ચિંતન-મનન તેને એ કાર્યથી નવી ઓળખ આપે છે. એ ઓળખ અભ્યાસનું પરિણામ છે. છાત્રો ભણીને કોઈ નોકરી કે વ્યવસાયમાં જોડાય અને તેને સ્વીકારે ત્યારે પ્રારંભમાં તે માત્ર અર્થ ઉપાર્જનના હેતુથી, પોતાની આવશ્યકતાઓને પૂર્ણ કરવા માટે છે એવું માને છે. પરંતુ વારંવાર એક મનથી એ કાર્ય કરતાં કરતાં તેનું એ કાર્ય માત્ર સામાન્ય કાર્ય ન રહેતા એની એ ઓળખ બની જાય છે. એ કાર્ય એના જીવનનો પર્યાય બની જાય છે. એ વારંવારના પ્રયત્નોથી થાય છે. નાના નાના ખાડાઓ પચાસ જગ્યાએ ખોદીએ તોપણ પાણી ન નીકળી શકે. પરંતુ એક જ જગ્યાએ સતત ખોદવાથી કૂવો બને અને કૂવામાંથી પાણી નીકળે છે. હિમાલયમાંથી નીકળતી નાની જલધારા એક રસ્તે સતત દોડતી રહે ત્યારે તે ધસમસતી ગંગા નદી બની જાય.

જો અભ્યાસ કઠિન લાગે તો એક બીજો રસ્તો પણ ભગવદ્ ગીતામાં કહ્યો છે.

अथैतदप्यशक्तोऽसि कर्तुं मद्योगमाश्रितः ।
सर्वकर्मफलत्यागं ततः कुरु यतात्मवान् ॥ (गीता 12.11)

(અર્થાત્ જો મારી પ્રાપ્તિરૂપી યોગનો આશરો લઈને ઉપર જણાવેલ સાધન કરવામાં પણ તું અસમર્થ હો, તો મન-બુદ્ધિ આદિ ઉપર જય મેળવનારો થઈને સર્વ કર્મોનાં ફળનો ત્યાગ કર.)

આ શ્લોકમાં (1) मद्योगमाश्रितः (મારાથી જોડાયેલ) (2) यतात्मवान् (સ્વાધીન ચિત્તવાળો) - આ બે પદ એકબીજાને પૂરક હોવા છતાં વિરોધાભાસી લાગે છે પરંતુ એ સમજીએ તો આપણા જીવનમાં પ્રત્યેક પ્રવૃત્તિમાં આત્મબળ મળે. અત્યારે આપણે જોઈએ છીએ કે કાર્યનો સ્વીકાર કર્યા પછી ઘણીવાર આપણામાં આત્મવિશ્વાસની ઊણપ હોય છે. કાર્ય મોટું, પડકાર મોટો અને આપણે તેની સામે પોતાને નબળા અને અશક્ત માનવા લાગીએ છીએ. પરંતુ હાથીના કદ જેવડું કદ અંકુશનું નથી હોતું, અંધારા જેવડો દીવો નથી હોતો. તાળા જેવડી ચાવી નથી હોતી, તેમ છતાં તે સફળ થાય છે. ભગવાન આપણી સાથે છે, આપણે એકલા નથી એ સ્મરણમાં રાખવું. ભગવાન સાથે છે તો તે કરી દેશે એવું પણ નથી માનવાનું. આપણે સ્વાધીન ચિત્તવાળા સ્વતંત્ર છીએ એમ માની ને આપણે પુરુષાર્થ કરીશું તો ભગવાન સહાય કરશે. આપણું કાર્ય આપણે જ કરવાનું છે, એને પૂરી સમગ્રતાથી કરવાનું છે. જો આમ કરીશું તો ભગવાન ચોક્કસ સહાય કરશે.

પરિણામે જો આ રીતે પ્રત્યેક કાર્ય કરીએ તો કાર્ય પૂર્ણ થતાં કાર્ય કર્યાનો થાક લાગતો નથી પરંતુ સમર્પણ ભાવથી કાર્ય કર્યાનો સંતોષ થાય છે. આપણને હળવાશ અને પ્રસન્નતાનો અનુભવ થાય છે.

આ રીતે કાર્ય કરનાર વ્યક્તિને પરમાત્માનું વધારે સાંનિધ્ય પ્રાપ્ત થાય છે. જે આપણે ભક્તના વિશેષણોથી જાણી શકીએ છીએ.

संतुष्टः सततं योगी यतात्मा दृढनिश्चयः ।
मय्यर्पितमनोबुद्धिर्यो मद्भक्तः स मे प्रियः ॥ (गीता 12.14)

(અર્થાત્ જે યોગી નિરંતર સંતુષ્ટ છે, મન-ઇંદ્રિયો સહિત શરીરને વશમાં કરી રાખેલ છે અને મારામાં દૃઢ નિશ્ચયવાળો છે - એ મારામાં અર્પેલ મન-બુદ્ધિવાળો મારો ભક્ત મને પ્રિય છે.)

तुल्यनिन्दास्तुतिर्मौनी सन्तुष्टो येन केनचित् ।
अनिकेतः स्थिरमतिर्भक्तिमान्मे प्रियो नरः ॥ (गीता 12.19)

(અર્થાત્ જે નિંદા-સ્તુતિને સમાન સમાજનાર, મનનશીલ અને ગમે તે પ્રકારે પણ શરીરનો નિર્વાહ થતાં સદા સંતુષ્ટ છે તથા રહેવાના સ્થાનમાં મમતા અને આસક્તિ વિનાનો છે - એ સ્થિર બુદ્ધિનો ભક્તિમાન મનુષ્ય મને પ્રિય છે.)

આ શ્લોકોમાંથી ''संतुष्ट'' પદ કહે છે કે આપણા ક્ષેત્રમાં આપણે ખૂબ કાર્ય કરવું પરંતુ કોઈ લાલસા રાખીને કાર્ય ન કરવું. જે પ્રાપ્ત છે તે પર્યાપ્ત છે. સહજ મળે તેમાં સંતોષ રાખવાથી તણાવ, હતાશા જેવી નબળી માનસિકતામાંથી બચી શકાય છે. સંતોષ નહીં હોય તો ઇંદ્રનું સિંહાસન પણ ઓછું પડે. વધારે અસંતોષને કારણે આપણી પાસે જે છે તેનો આનંદ પણ નહીં મળે.

શ્લોકમાં એક પદ છે ''दृढनिश्चयः'' (દૃઢ નિર્ણયવાળો) આપણે રાત્રે ઊંઘતાં પહેલાં વિચારીએ કે સવારે બ્રાહ્મ મુહૂર્તમાં ઊઠીને વ્યાયામ-યોગ-અભ્યાસ-પૂજા પાઠ કરીશું. આવો નિર્ણય કરીએ પરંતુ સવારે મોબાઈલમાં એલાર્મ વાગે એટલે બંધ કરીને ફરી ઊંઘી જઈએ એવું બને. પરંતુ આપણો નિશ્ચય દૃઢ હોય તો તે પાછા ઊંઘવા નહીં દે. આપણે આપણને સ્વયંને એવી છૂટ નહીં આપીએ અને દૃઢ નિશ્ચયી બની રહીશું તો આપણે ધાર્યું પરિણામ લાવી શકીશું. છાત્રજીવનમાં દૃઢ નિશ્ચયનું ખૂબ જ મહત્ત્વ છે. ત્યાર બાદ ''तुल्यनिन्दास्तुतिः'' આ પદ પણ છાત્રો માટે ખૂબ જ સમજવા જેવું અને જીવનમાં ઉતારવા જેવું છે. ભગવદ્ ગીતામાં આ વાત અનેકવાર કહેલ છે કે નિંદા અને સ્તુતિને સમાન રીતે સ્વીકારવા, આમાં નિંદા શબ્દ પહેલાં છે કારણ કે જીવનમાં ટીકાનો સામનો કરવાની તૈયારી વધારે રાખવી પડે. જે નિંદાથી ડરે તે સફળ ન થઈ શકે. સોશિયલ મીડિયામાં કોઈક થોડી નકારાત્મક કોમેન્ટ આપે, લાઈક ઓછી મળે, નાનો અમથો ઠપકો આપી દે કે બે વાક્યો કહી દે તો ક્યારેક આપણને લાગી આવે છે એ સહન

કરી શકતાં નથી. ત્યારે ભગવદ્ ગીતા કહે છે કે નિંદા સાંભળીને નિરાશ ન થઈ જવું. આપણે સંઘર્ષ કરીએ તો અભ્યુદયને પ્રાપ્ત કરી શકીએ.

આ રીતે, ભગવદ્ ગીતામાં ખૂબ સુંદર રીતે વર્ણવ્યું છે કે આપણે પ્રત્યેક કર્મને ઈશ્વર-અર્પણભાવથી કરીએ તો આ સમર્પણભાવથી કરેલું ઉત્તમ કાર્ય ભક્તિયોગમાં પરિણત થાય છે.

જીવનમાં જે કંઈ ફરજમાં આવે છે તે સર્વ વ્યાપક પરમાત્મા પ્રત્યે સમર્પણ ભાવથી કરેલું કાર્ય લોકહિતનું કાર્ય બને છે. એ જ ઉત્તમ ભક્તિ છે.

### શબ્દાર્થ

**અદ્વૈત** - અભિન્ન, **સમર્પણ** - સંપૂર્ણ નિષ્ઠાથી અર્પણ થયેલ, **અભ્યાસ** - વારંવાર પ્રવૃત્તિ કરવી, **લઘુતા** - નાનપ

### સ્વાધ્યાય

**પ્રશ્ન-1 : નીચે આપેલા પ્રશ્નોના ટૂંકા જવાબ આપો.**

(1) ભગવદ્ ગીતા શાનો ત્રિવેણીસંગમ છે ?

(2) भज् ધાતુનો મૂળ અર્થ શું થાય છે ?

(3) અભ્યાસ શબ્દનો અર્થ શું થાય ?

**પ્રશ્ન-2 : આ પાઠના આધારે નીચેના પ્રશ્નોના જવાબ આપો.**

(1) પત્ર, પુષ્પ, ફળ, જળ અર્પણનો પ્રસંગ કયો બોધ આપે છે ?

(2) અભ્યાસનું શું મહત્ત્વ છે ? ઉદાહરણ આપી સમજાવો.

(3) ભક્તિયોગનું આજના સંદર્ભમાં મહત્ત્વ સમજાવો.

### વિદ્યાર્થી પ્રવૃત્તિ :

(1) શ્રીમદ્ ભગવદ્ ગીતાના અધ્યાય-12માં આવતા શ્લોકોનું લયબદ્ધ, છંદોબદ્ધ સ્વરમાં ગાન કરવું.

(2) સમર્પણભાવને વ્યક્ત કરતા શ્લોકો ભગવદ્ ગીતામાંથી શોધી સારા અક્ષરોમાં લખવા.

### શિક્ષક પ્રવૃત્તિ :

(1) અધ્યાય-12નું ગાન યતિ નિયમોને ધ્યાનમાં રાખી અનુષ્ટુપ છંદના નિયમ પ્રમાણે શીખવવું.

(2) ભક્તિને લગતા શ્લોકો શોધીને વિદ્યાર્થીઓને આપવા.

(3) ભગવદ્ ગીતામાંથી નાના વિષયો આપી પ્રવૃત્તિઓ, પ્રવચનો, સંવાદો વગેરે કરાવવા.

(4) ભગવદ્ ગીતાનો સમર્પણભાવ વર્તમાન પરિપ્રેક્ષ્યમાં કે અધ્યયન પ્રવૃત્તિમાં કઈ રીતે મદદરૂપ થાય તે દૃષ્ટાંતો આપી સમજાવવું.

• • •